# પ્રકરણ: ૧૨

# પસંદ કરાયેલી નવલકથાઓનો નારી છબી સંદર્ભે તુલનાત્મક અભ્યાસ

# પ્રકરણઃ ૧૨ પસંદ કરાયેલી નવલકથાઓનો નારી છબી સંદર્ભે તુલનાત્મક અભ્યાસ

'નારી છબી સંદર્ભે પસંદ કરેલ ભારતીય નવલકથાઓના સમીક્ષાત્મક અભ્યાસ' માટે શોધ નિબંધમાં ગુજરાતી ભાષાની બે, હિન્દી ભાષાની બે, બંગાળી ભાષાની બે, ઉર્દુ ભાષાની એક, ઊડીયા ભાષાની એક, પંજાબી ભાષાની એક અને કન્નડ ભાષાની એક-આમ કુલ ભારતીય ભાષાઓની દસ નવલકથા પસંદ કરેલ છે. ભારત એ બહુ સાંસ્કૃતિક અને બહુ ભાષીય દેશ છે. રીતિ-રિવાજો, પરિવેશ, રહેણી-કરણી, પહેરવેશ, ખાણી-પીણી, ઉત્સવો વગેરે જુદાં હોવા છતાં ઘણાં સામ્ય-ભેદ જોવા મળે છે. નવલકથામાં પણ ભાષા અને પરિવેશ જુદાં હોવા છતાં સામ્ય-ભેદ જોવા મળે છે. તેથી પસંદ કરેલી નવલકથાઓમાં સ્ત્રી પાત્રો જે પરિવેશમાંથી આવે છે તેમાં ભેદ હોવા છતાં, તેમની સમસ્યાઓ; યાતના; વ્યથા; દમન; તેમના પર શાસન કરતી સત્તાઓ સરખી હોય છે. તેના કારણે સ્ત્રી સમસ્યાઓનો સૂર એક જોવા મળે છે. આ પ્રકરણમાં દસ નવલકથાઓમાં વિવિધ પરિવેશ અને ભાષામાં જોવા મળતાં સ્ત્રી પાત્રોની છબીમાં જે સામ્ય-ભેદ જોવા મળે છે, તેની તુલના કરવામાં આવી છે.

ભારતમાં નારીવાદનો પ્રભાવ પડ્યો તે પછી એલન શોવાલ્ટરની 'ગાયનોસેંટ્રીસિઝમ' સંજ્ઞા આવ્યા બાદ  નારીને કેન્દ્રમાં રાખીને વિવેચન થવાની શરૂઆત થઈ. સારા મિલ્સના 'ફેમિનિસ્ટ સ્ટાઈલીસ્ટિક્સ'ની વિચારણા બાદ સમૂહ માધ્યમો અને વિવિધ કળાના ક્ષેત્રમાં નારીની છબી વિષે અભ્યાસ થવાનો શરૂ થયો. ભારતીય સાહિત્ય ક્ષેત્રે પસંદ કરેલી દસ નવલકથાઓમાં નારી છબીમાં જે સામ્ય-ભેદ જોવા મળે છે, તેને આધારે સમાજમાં જે પરીવર્તન આવ્યું છે તેનો પણ તાગ મેળવી શકાય છે. જેના કારણે નારી છબીનો અભ્યાસ આવશ્યક બને છે. નવલકથાનું પ્રકાશન વર્ષ, ભાષા, પૃષ્ઠભૂમિ અને પરિવેશ અલગ હોવા છતાં સામ્ય-ભેદના અભ્યાસ પરથી નવલકથામાં નારી છબીમાં શું પરીવર્તન આવે છે તેનો અભ્યાસ કર્યો છે.

આ શોધ નિબંધમાં પસંદ કરેલી ભારતીય નવલકથાઓમાંથી ભારતની આઝાદી પૂર્વે રચાયેલી એવી ત્રણ કૃતિઓ છેઃ ઉર્દુ ભાષાની 'ઉમરાવજાન અદા' (૧૮૯૯), બંગાળી ભાષાની 'શેષ પ્રશ્ન' (૧૯૩૧) અને 'ધરતી ખોળે પાછો વળે'(૧૯૪૧). પંજાબી ભાષાની પિંજર (૧૯૫૦) આઝાદીના તુરંત બાદ રચાયેલી કૃતિ છે. તેથી આ ચાર નવલકથાઓ આઝાદી પૂર્વે અને બાદના સમય દરમિયાન આવેલ સ્ત્રીના સ્થાન અને છબીનું દશ્ય પૂરું પાડે છે. બંગાળી ભાષાની 'પ્રથમ પ્રતિશ્રુતિ'(૧૯૬૪) અને હિન્દી નવલકથા 'મિત્રો મરજાની' (૧૯૬૭) નજીકનાં વર્ષોમાં રચાયેલી કૃતિ છે. જ્યારે, ગુજરાતી ભાષાની 'બત્રીસ પૂતળીની વેદના(૧૯૮૨), 'સાત પગલાં આકાશમાં' (૧૯૮૪); ઊડીયા ભાષાની 'યાજ્ઞસેની' અને હિન્દી ભાષાની 'કાલા જલ'(૧૯૮૫) લગભગ આસપાસના સમયમાં રચાયેલી નવલકથા છે.

આઝાદી પૂર્વેની નવલકથાઓમાં જોઈએ તો 'ઉમરાવજાન અદા'માં ઉમરાવજાનનાં પાત્ર દ્વારા લખનૌનાં મુસ્લિમ શાહી નવાબોનાં સમાજ અને વેશ્યાજગતમાંથી આવતી નારી છબી મળે છે. જ્યારે 'શેષ પ્રશ્ન'માં બંગાળી સમાજની વિચારશીલ અને બુદ્ધિજીવી વર્ગની નારી છબી, કમલ, મનોરમા અને નીલિમા દ્વારા પ્રાપ્ત થાય છે. 'ધરતી ખોળે પાછો વળે'માં ગૃહિણી તરીકે જીવનનો બધો સમય ઘરકામ અને ખેતીકામમાં આપતી સ્ત્રીઓની નારી છબી પારોતી, સરસોતી અને નાગવેણી જેવાં નારી પાત્રોમાં મળે છે. 'પિંજર'માં ભારત-પાકિસ્તાનનાં વિભાજન સમયે સ્ત્રીની સ્થિતિનો તાગ આપતી નારી છબી પૂરો, લાજો જેવા પાત્રો દ્વારા મળે છે. આમ, સમયગાળો નજીકનો હોવા છતાં અલગ-અલગ ભાષાની નવલકથાઓમાં અલગ-અલગ પરિવેશમાંથી આવતી નારી છબી મળે છે.

## ૧૨.૧ સ્ત્રી સમસ્યાઓમાં જોવા મળતી સામ્યતાઃ

### ૧૨.૧.૧ અપહરણ (Kidnap):

આ નવલકથાઓમાં સ્ત્રી પાત્રો ઉપર શાસન કરતી એક સત્તા સર્વ સામાન્ય છેઃ પુરુષસત્તાક તંત્ર. આ તંત્રમાં વ્યાપ્ત જુદી જુદી માન્યતાઓ, રૂઢીઓ અને રીતિ-રિવાજોમાં સ્ત્રીઓનું દમન કઈ રીતે

જોવા મળે છે તે અને તેમાં જે સામ્યતા છે તે જોઈએ. ઉમરાવજાનનું **અપહરણ** (Kidnap) દિલાવરખાન પિતા સાથે બદલો લેવા માટે કરે છે. જ્યારે 'પિંજર'ની પૂરોનું અપહરણ પરિવાર સાથે બદલો લેવા માટે થાય છે. એક સ્ત્રી પાત્ર લખનૌ પાસેના સમાજનું છે, બીજું વિભાજન પૂર્વેનાં પંજાબનું. સ્ત્રીના અપહરણ દ્વારા પરિવાર સાથે જે પુરુષોને બદલો લેવાનો સંતોષ પ્રાપ્ત થાય છે, તે પુરૂષો સ્ત્રી પર થતી શારીરિક કે માનસિક વ્યથાની કે ઇજા વિષે વિચાર કરતાં નથી. 'રામાયણ' જેવા ગ્રંથમાં પણ સીતા રાણી અને દિવ્ય સ્ત્રી હોવા છતાં તેનું અપહરણ કરવામાં આવે છે, તેની અસર ભારતીય સમાજ પર આજના સમય સુધી જોવા મળે છે, તેનું ઉદાહરણ આ નવલકથાઓમાં પ્રાપ્ત થાય છે. વિભાજન કે ગોધરા હત્યા કાંડ જેવા સામાજિક સ્તરે થયેલ ઘટનાઓમાં પણ આજ સુધી આ ચલણ વ્યાપ્ત છે. જેમાં સ્ત્રીઓ નિર્દોષ હોવા છતાં તે માત્ર સ્ત્રી હોવાને કારણે અપહરણ અને બળાત્કાર જેવી ઘટનાનો ભોગ બને છે. તેથી આ વલણમાં સામાજિક સ્તરે હજુ સુધી પરીવર્તન નથી આવ્યું તેમ કહી શકાય.

## ૧૨.૧.૨ બળાત્કાર/બળજબરી (Rape):

દસ નવલકથાઓમાંથી 'સાત પગલાં આકાશમાં', 'કાલા જલ', 'યાજ્ઞસેની' અને 'પિંજર'માં બળાત્કાર કે બળજબરીનાં ઉલ્લેખો જોવા મળે છે. 'સાત પગલાં આકાશમાં' રત્ના નામના પાત્રનો બળાત્કાર મંત્રીના પુત્ર દ્વારા થાય છે. 'કાલા જલ'માં માલતી અને રશીદા જેવા પાત્રો પર રજ્જૂમિયાં અને રશીદાના કાકા દ્વારા તેઓને વિના ઇચ્છાએ ભોગવવામાં આવે છે. રશીદા અને માલતી બંને પાત્રોને કોઈ પાલનહાર કે આશ્રય આપનાર નથી જેના કારણે ઘરના જ સંબંધી/ ઓળખીતા દ્વારા શારીરિક શોષણ કરવામાં આવે છે. માલતી ગર્ભવતી થાય છે અને રશીદા આત્મહત્યા કરે છે. બંને નિર્દોષ છે. 'યાજ્ઞસેની'માં મહાભારત પ્રેરિત દ્રૌપદીનું પાત્ર છે. તેને સતી તરીકે સ્થાન અપાયું છે. તેમ છતાં ભર સભામાં પતિઓ અને વિદ્વાન ગુરૂજનોની સામે ઋતુમતી દ્રૌપદીનું બળજબરીપૂર્વક વસ્ત્ર હરણ કરવામાં આવે છે. તે ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન સૂચવવા માટે પૂરતું ઉદાહરણ છે. 'પિંજર'માં પણ વિભાજન સમયે સ્ત્રીને નગ્ન કરી

ભર બજારમાં ફેરવવામાં આવે છે. અહીં તેને બચાવનાર કૃષ્ણ જેવો કોઈ પુરુષ પણ નથી. બળાત્કાર જેવી સમસ્યાઓ ભારતમાં યુગો પૂર્વેથી ચાલી આવે છે.

આજના સમયમાં આવતા તેનું સ્વરૂપ વધુ વિકૃત બન્યું છે. શારીરિક રીતે સ્ત્રીને ભોગવવાથી પુરૂષોને જે આનંદ મળે છે. તેને કારણે નિર્દોષ સ્ત્રીઓને માનસિક-શારીરિક યાતના ઉપરાંત, ગર્ભાવસ્થા, ખૂન કે મૃત્યુ સુધીના માર્ગે સ્ત્રીઓ ધકેલાય છે. આ પુરૂષોને કાયદાકીય સજા મળે તેમ છતાં સ્ત્રી પોતાની અસ્મિતા (identity) પાછી મેળવી શકતી નથી. તેના પરિવારજનોને પણ લાંબા સમય સુધી શરમ કે અપમાનનો ભોગ બનવું પડે છે, તે આ સમાજની વક્રતા (irony) રજૂ કરે છે. દોષીનાં પરિવારજનો જેટલું અપમાન નથી ભોગવતા તેના કરતાં વધુ અપમાન પીડિતા (victim)નાં પરિવારજનો ભોગવે છે. સાહિત્યમાં પિંજર જેવી નવલકથામાં તો પૂરોને મા-બાપ પણ માત્ર અપહરણ થઈ જવાને કારણે નથી સ્વીકારતા. આજના સમયે સ્ત્રીની ઓળખ કે અસ્મિતાને હાનિ પહોંચાડવા માટે નગ્ન હાલતમાં વિડીયો ઉતારી તેનો પ્રસાર પણ કરવામાં આવે છે. જેને ઘણાં વર્ષો સુધી કાયદાકીય રીતે ગુનો ગણવામાં ન'તું આવતું તે લગ્ન બાદ પતિ દ્વારા કરાતા બળાત્કાર (Marital Rape) નાં કિસ્સાઓ ઘણાં હોવા છતાં તે કેસોની સંખ્યા ભારતીય સમાજમાં ઓછી છે. તેથી બળાત્કાર કે બળજબરી જેવી સમસ્યાઓ બંધ ન થતાં વધુ વિકૃત સ્વરૂપે ફેલાઈ રહી છે, જેમાં ૩ વર્ષની બાળકીથી લઈને ૮૦ વર્ષની વૃદ્ધાને પણ વિના કારણે ભોગ બનવું પડે છે.

## ૧૨.૧.૩ ઘરેલુ હિંસા (Domestic Violence):

ઘરેલુ હિંસા જેવી સમસ્યા 'સાત પગલાં આકાશમાં', 'કાલા જલ' અને 'મિત્રો મરજાની' નવલકથાઓમાં જોવા મળે છે. 'સાત પગલાં આકાશમાં' લલિતા પોતાના લગ્ન પહેલાંના સંબંધની જાણ સુધીર-પતિને કરતાં વારંવાર શંકા કરી તે લલિતાનાં કાન આમળે છે અને મારે છે. જ્યારે સુધીરના લગ્ન બાદ પણ અનૈતિક સંબંધ છે. 'કાલા જલ'માં છોટી ફૂફી, બબ્બનની મા અને સોનીની વહુને પતિને ગુસ્સો આવતા ઘરેલુ હિંસાનો ભોગ બનવું પડે છે. સોની તો તેની વહુને નાની હથોડી વડે નાભીની નીચેના ભાગમાં મારે છે. પુરુષના આક્રોશ અને ક્રૂરતાનો ભોગ

બનતા આ નારી પાત્રો પુરુષ સામે કોઈ પગલું લેતા નથી. વર્ષોથી કામ કરીને જીવન ગુજારતી સ્ત્રીઓને ઘરેલુ હિંસા પણ એક ગુનો છે તેનો ખ્યાલ ન હતો. આજના સમયે પણ 'પતિ હોય તો હાથ પણ ઉપાડે', 'નારી, નગારું અને ઢોલ ત્રણેયને થોડા-થોડા સમયે ટીપવા પડે'- આના જેવી અનેક માન્યતાઓ સમાજમાં પ્રવર્તીત છે. 'મિત્રો મરજાની'ની મિત્રો આ સંદર્ભે અલગ પાત્ર છે. પતિ અને જેઠ દ્વારા તેને મરાતા તે પતિને કાલા પાણીની સજા ભોગવવા માટે મોકલવાનું કહે છે. આ નવલકથામાં કૃષ્ણા સોબતી દ્વારા મિત્રોના પાત્રને પ્રતિકાર કરતી દર્શાવાઈ છે. ઘરેલુ હિંસામાં શારીરિક ઉપરાંત માનસિક ઇજા કે ત્રાસને પણ નવા કાયદા પ્રમાણે સમાવેશ કરાયો છે. શહેરના સ્તરે ચાલતી ઘરેલુ હિંસામાં પરીવર્તન જોવા મળે છે. જ્યારે ગામડામાં કે નિર્ધન સ્તરની સ્ત્રીઓમાં તેનું પ્રમાણ યથાવત છે. દહેજ જેવી સમસ્યાને કારણે પણ ઘરેલુ હિંસાનું પ્રમાણ ગામડામાં વ્યાપ્ત છે.

## ૧૨.૧.૪ સામાજિક બંધનો/ માન્યતાઓ દ્વારા દમન (Social Problems/ Restrictions):

પસંદ કરેલી મોટા ભાગની નવલકથાઓમાં કોઈને કોઈ પ્રકારે, વિવિધ સ્વરૂપે સામાજિક બંધનો જોવા મળે છે. 'સાત પગલાં આકાશમાં' નવલકથામાં લગ્ન પસંદગીથી લઈને પહેરવા-ઓઢવા, ખાવા-પીવા કે કામ કરવા બાબતે સામાજિક બંધનો વિવિધ પાત્રો દ્વારા રજૂ કરાયા છે. સમસ્યાઓને લઈને પાત્રમાં આરોપીટ કરી દસ્તાવેજીકરણને કારણે તેમાં સ્ત્રીની મોટા ભાગની સામાજિક સમસ્યાઓ/ બંધનો દર્શાવાયા છે. 'બત્રીસ પૂતળીની વેદના'માં વિનોદીની જેવી સ્ત્રી વંધ્યા હોવાને કારણે તેને પાડોશી તેમજ સમાજમાં રહેતા સગાઓ દ્વારા મહેણાં સાંભળવા પડે છે. વિભાવરી અભિનેત્રી હોવાથી "નાટકવાળા બધા એવા જ. ભાઈના લક્ષણ એવા ને બાઈનાય એવા હશેને."૧ જેવુ મહેણું સંભાળવું પડે છે, જ્યારે મયંક તેને છોડીને ગીતા પાસે ગયો છે. લક્ષણ મયંકના એવા છે. 'કાલા જલ'માં મુસ્લિમ સમાજના સલ્લો અને જૈબૂન જેવા પાત્રને પહેરવા-ઓઢવામાં કાળજી રાખવી પડે છે. સલ્લો તો મોહસિન-ભાઈના કપડાં પહેરીને સાંજના

સમયે તેને શોધવા નીકળે છે. જેથી સાંજના  સમયે નીકળતી છોકરીને જોઈને લોકો છેડતી ન કરે. માલતી, રશીદા અને છોટી ફૂફી જેવા પાત્રો સામાજિક બદનામી અને અસ્વીકારના ડરથી રજ્જૂમિયાં અને રશીદાના કાકા જેવા સ્ત્રી-લોલુપ પાત્રોને ખુલ્લા પાડી શકતા નથી. મિત્રો તેના મોકળા સ્વભાવને કારણે સમાજમાં બદનામી ભોગવે છે.

'શેષ પ્રશ્ન'માં મનોરમાનું પાત્ર સામાજિક માળખામાં બંધ બેસે છે. તેને કારણે કમલના વિચારોને સ્ત્રી હોવા છતાં સ્વીકારી શકતી નથી. સામાજિક સ્તરે નક્કી કરાયેલા માન-મર્યાદાને તે જાળવવામાં જ સમજદારી સમજે છે. 'પ્રથમ પ્રતિશ્રુતિ'ની સત્યવતી સાસુનો ત્રાસ ન સ્વીકારતાં અને કલકતા જવાના નિર્ણયને કારણે સામાજિક અસ્વીકૃતિ પામે છે. તેની પ્રત્યેનો સમાજનો તિરસ્કાર તે સામાજિક માન્યતાઓ દ્વારા સ્ત્રીના શોષણને ઝાટકી કાઢે છે, તેને કારણે પેદા થાય છે. બારૂઈપુરમાં તેની સાથે સમાન વયની સ્ત્રીઓ પણ વાત નથી કરતી. તે સૌ સત્યવતીને 'ગાંડી' કે 'માથા ફરેલ' ગણે છે. સુહાસને પણ તે બાળવિધવા ન હોવા છતાં બાળવિધવા તરીકેનું જીવન જીવવું પડે છે, તેનું કારણ સમાજ જ છે. ઉમરાવજાન અદામાં નાનપણમાં અપહરણ બાદ વેચાઈ ગયેલી અમીરન પોતાના આત્મકથાના મુસદ્દામાં અન્ય સ્ત્રીઓને વેશ્યાજગતમાં આવવાની ના પાડે છે. તેનું કારણ વેશ્યાઓને પણ સમાજ તરફથી મળતી અસ્વીકૃતી છે. પુરુષોની વાસના અને સ્ત્રીઓની પેટિયું રળવાની જરૂરિયાતમાંથી ઊભો થયેલ ધંધો આખરે તો વેશ્યાજગતમાંની સ્ત્રીઓને જ કારણભૂત ગણી અમાનવીય વર્તાવ કરે છે. 'યાજ્ઞસેની'માં દ્રૌપદીને સાસુનો બોલ પાડવા માટે પાંચ પતિઓ સાથે લગ્ન કરવું પડતું હોવા છતાં 'બહુભોગ્યા'નું વિશેષણ સમાજના એકાંગીપણાના વલણને કારણે દ્રૌપદીને સહન કરવું પડે છે. 'પિંજર'માં પૂરો અપહરણ બાદ સમાજના અપમાનના ડરને કારણે જ માં-બાપની અસ્વીકૃતિનો ભોગ બને છે, જેથી તેનું સમગ્ર જીવન એક આત્મા વિનાના દેહ તરીકે ગુજારે છે. આમ, સમગ્રતયા જોતાં દરેક નવલકથામાં સમાજ એક વિશિષ્ટ ભાગ ભજવે છે. જેને કારણે સ્ત્રીઓ ખાવા-પીવાની નાની વાતથી લઈને જીવન-મૃત્યુ જેવી મોટી બાબતો સુધી સમાજનું બંધન કોઈને કોઈ રીતે ભોગવે છે. પુરુષસત્તાક સમાજનું જડબુ એટલું ચુસ્ત છે કે તેને કારણે આજ સુધીમાં નારીની સમસ્યાઓનું સ્વરૂપ બદલાયું છે, પણ કોઈ ક્રાંતિકારી પરીવર્તન નથી આવ્યું.

છોકરીઓની પહેરવા-ઓઢવાથી લઈને સમગ્ર નાની-મોટી વર્તણૂંકમાં સમાજ નિર્ણયાત્મક (Judgemental) થઈને સ્ત્રીને જ દોષિત ગણે છે.

## ૧૨.૧.૫ઃ ઘરેલુ સત્તા (Domestic Power):

ઘરેલુ સત્તામાં સ્ત્રીના પિતા, પતિ, પુત્ર અને વડીલો સ્ત્રી પર શાસન કરીને તેની શારીરિક માનસિક વ્યથામાં વધારો કરે છે. 'સાત પગલાં આકાશમાં' પતિ વ્યોમેશ અને સાસુ જેવા ફૈબાથી વસુધાનું શોષણ કરવામાં આવે છે. વર્તમાનપત્ર વાંચવું, કોફીમાં મલાઈ નાખીને પીવી કે શાક વઘારવું-જેવી ઘણી નાની-મોટી બાબતે વસુધા પર વ્યોમેશ અને ફૈબાની સત્તા છે. તેમણે ઉપરવટ થઈને તે કોઈ નિર્ણય લઈ શકતી નથી. આવા જ અન્ય પાત્રોને લઈને બધી સમસ્યાઓનો સૂર આ નવલકથામાં રજૂ થયો છે. જેમાં મોટા ભાગે પતિ, સાસુ કે વડીલોની સત્તા સ્ત્રીના બંધનને કારણરૂપ બને છે. 'બત્રીસ પૂતળીની વેદના'માં અનુરાધા પર નવલકથા લખવા માટે પણ બંધનો છે. રેખાનું તો શરીર અને મન બંને પર પતિની સત્તા છે. તે મનગમતું ખાઈ શકતી નથી, ઈચ્છે તેવું વર્તન કરી શકતી નથી અને બિમાર-ગરીબ પિયરીયાઓને પણ પતિની ઈચ્છા વિરુદ્ધ મળી શકતી નથી. તેની કામવાળી બાઈ અને કૂતરો તેના કરતાં વધુ સ્વતંત્ર છે. છાયાને પણ પતિની લઘુતાગ્રંથિનો ભોગ બનવું પડે છે. તૈયાર થઈને નોકરીએ જતી તેના પર પરાશર શંકા કરે છે. 'યાજ્ઞસેની'માં દ્રૌપદીને પોતાના પાંચેય પતિઓની ઈચ્છા પ્રમાણે વર્તવું પડે છે. યુધિષ્ઠિર સાથે શાસ્ત્ર ચર્ચા, ભીમ સાથે મધુર વાતો તો નકુલ સાથે બાળકરૂપી સ્વભાવ-આમ, પતિઓના સ્વભાવ પ્રમાણે તેને પોતાનો સ્વભાવ બદલીને દરેકને ખુશ રાખવા પડે છે. 'ધરતી ખોળે પાછો વળે' નવલકથામાં પૈસાની દરેક વાત રામ ઐતાળ સિવાય પારોતી કે સરસોતી મહેનત કરતાં હોવા છતાં કોઈ જાણતું નથી. બીજા લગ્નના નિર્ણય માટે પણ કામ સોંપવામાં આવે છે, પણ કોઈ નિર્ણયમાં ઘરની સ્ત્રીઓનો મત લેવામાં આવતો નથી. રામ ઐતાળ પોણા ભાગની મિલકત નાગવેણીના નામે કરી જતાં, બિમારી કે અન્ય કોઈ બહાને લચ્ચા પત્ની પાસેથી બધી મિલકત પડાવી લે છે.

આમ, દરેક નવલકથામાં પતિ, સાસુ કે વડીલો દ્વારા થતાં શોષણનું રૂપ જુદું છે. પરંતુ, તેનો ઈચ્છાથી કે અનિચ્છાથી સ્વીકાર કે પ્રતિકાર કરી સ્ત્રી પાત્રો ઘરેલુ સત્તા સામે સતત ઝઝૂમે છે. 'પ્રથમ પ્રતિશ્રુતિ'ની સત્યવતી, 'મિત્રો મરજાની'ની મિત્રો અને 'શેષ પ્રશ્ન'ની કમલ અને નીલિમા જેવી સ્ત્રીઓ ઘરેલુ સત્તા સામે પ્રબળ પ્રતિકાર કરે છે. સમાજમાં પણ મોટા ભાગે ઘરેલુ સત્તાને તાબે થઈ જીવતી સ્ત્રીઓની સંખ્યા વધુ છે, જ્યારે મિત્રો, સત્યવતી કે કમલ જેવી સ્ત્રીઓ સામાજિક અને ઘરેલુ સ્તરે આવતા પરીવર્તન માટે કારણભૂત છે. નવલકથાઓના અભ્યાસ દ્વારા જુદા જુદા સમાજમાં બંધનો હેઠળ જીવતા અને બંધનોનો પ્રતિકાર કરતાં પાત્રો જોવા મળે છે. ઘરેલુ સત્તાનું જડબુ સામાજિક સત્તા કરતાં ચુસ્ત છે અને સંકુલ છે.

## ૧૨.૧.૬ ધર્મસત્તા (Religious Power):

ધર્મ સત્તાએ ભારતમાં વર્ષોથી સ્ત્રીઓ પર બંધન લાદતી મોટી સત્તા છે. ભગવાન કે શાસ્ત્રોથી વિરુદ્ધ જવાના ડરને કારણે સ્ત્રીઓ સતત આ સત્તાનો ત્રાસ ભોગવતી રહી છે. હિન્દુ ધર્મમાં 'મનુસ્મૃતિ', 'રામાયણ', 'મહાભારત'; ઇસ્લામમાં 'કુર્રાન' અને ખ્રિસ્તી ધર્મમાં 'બાઇબલ' જેવા શાસ્ત્રોમાં નોંધાયેલ સ્ત્રીઓ પર લાદેલ બંધનોને કારણે સ્ત્રી શોષિત છે. બાળકીને દૂધપીતી કરવી, ભ્રૂણ હત્યા, વિધવા પુનર્લગ્નની મનાઈ, સતી થવાનો રિવાજ, બાળલગ્ન, કજોડાં લગ્ન, પડદા પ્રથા, લાજ કાઢવાની પ્રથા, ઝનાના, બુરખા પ્રથા, બહુપત્નીત્વ વગેરે જેવા ઘણાં રિવાજો મધ્યકાળ અને તે પૂર્વે ધર્મને કારણે જ સમાજમાં વ્યાપ્ત હતા. જેને કારણે મોટી સંખ્યામાં સ્ત્રીઓનો ભોગ લેવાયો છે. પ્રેમ લગ્ન, આંતર-જ્ઞાતિય લગ્ન, પુત્રજન્મ, સંતાનપ્રાપ્તિ, સૌભાગ્ય ચિન્હોનું ગ્રહણ કરવું, વિધવા થયા બાદ શૃંગારનો ત્યાગ વગેરે જેવા ઘણી બાબતોના સંદર્ભે સ્ત્રીને ધર્મના નિયમોને તાબે થવું પડે છે. જ્યારે મોટા ભાગની બાબતે આ બધી બાબતોનું પાલન કેમ કરવું?-તે વિષે કોઈ ગ્રંથમાં ચોખવટ કરવામાં આવી નથી. આ ઉપરાંત, મોટા ભાગના શાસ્ત્રો પુરુષો દ્વારા રચાયેલા હોવાથી સ્ત્રી પર બંધન લાદી પોતાની સત્તા જાળવી

રાખવાના હેતુસર રચાયેલ છે. આજે પણ બાબાઓનું પ્રમાણ વધતું જાય છે, તેનું કારણ ધર્મમાં વ્યાપ્ત આડંબર છે.

હિન્દુ ધર્મના વલણો અને માન્યતાઓ દર્શાવતી ‘સાત પગલાં આકાશમાં’ નવલકથામાં વિધવા અને વિધુર વચ્ચેનો ભેદ કેવો છે તેની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત, એના વિધવા બાદ ચાંલ્લો કરતાં સાસુની પ્રતિક્રિયા દ્વારા ધાર્મિક આચરણો સામે પડવાથી પુરુષ નહીં સ્ત્રીઓ પણ કેવી પ્રતિક્રિયા આપે છે, તે દર્શાવ્યું છે. ‘બત્રીસ પૂતળીની વેદના’માં શાસ્ત્રીજી દ્વારા સતી થવામાં કેવી મહાનતા છે-તે તેમના વ્યાખ્યાન દરમિયાન દર્શાવીને ધર્મની સત્તા દર્શાવી છે. નાટક પણ ભારતીય આદર્શોની મહાનતા દર્શાવતું હોવું જોઈએ તેવો શાસ્ત્રીજીનો જ મત હતો. નાટકના માધ્યમ દ્વારા જ સંવાદો બદલીને ધર્મ અને પુરુષ સત્તાનો છેદ ઉડાડતાં સ્ત્રી પાત્રો દર્શાવ્યા છે. માર્શિયા પણ લગ્ન બાદ ધર્મપરીવર્તનની માંગણીને કારણે પુરુષ સાથેનો સંબંધ ત્યાગે છે. ‘શેષ પ્રશ્ન’માં તો ધર્મ અને ભારતીય આદર્શોના દંભ અને આડંબર વિષે કમલના પાત્ર દ્વારા તાર્કિક દલીલો કરાવીને લેખકે વાસ્તવિકતાનું દર્શન કરાવ્યું છે. ‘પ્રથમ પ્રતિશ્રુતિ’માં બાળલગ્ન, કજોડાં લગ્ન, બહુપત્નીત્વ, છૂત-અછૂતની માન્યતા, શોક્યને દૂર રાખવા માટેનું ‘સેજુંતી વ્રત’, ‘છોકરી ભણે તો આંધળી થાય’-જેવી માન્યતાઓ વગેરે સમસ્યાઓને વિવિધ ઘટના દ્વારા પ્રસ્તુત કરાઇ છે. જેનો આધાર ધર્મ છે. ‘યાજ્ઞસેની’માં બહુપત્નીત્વ, બહુપતિત્વ, સંતાનપ્રાપ્તિ માટે અન્ય પુરુષ સાથે સંસર્ગ, વિદુષી સ્ત્રીની ધર્મ સત્તા સામે સ્થિતિ, પતિ પરાયણતા, ધર્મને નામે પ્રવર્તીત અનૈતિકતા વગેરે માન્યતાઓને વાચા મળી છે. આ નવલકથામાં ધર્મ સત્તા હેઠળ સ્ત્રીને કેવું સ્થાન પ્રાપ્ત થાય છે, તે સૂર પણ વ્યક્ત થયો છે. ‘પિંજર’માં હિન્દુ-મુસ્લિમ ધર્મ ભેદને કારણે એક સ્ત્રીનું જીવન પિંખાઈ જાય છે. તેને ધર્મ અને નામ પરીવર્તન કરવું પડે છે, જેને કારણે તેનું મૂળ ઉખડી જવાની ભારોભાર વેદના તે જીવનભર સહન કરે છે. ‘ધરતી ખોળે પાછો વળે’માં સ્ત્રી સંતાન વિહોણી હોય તો તેને કારણે પુરુષને બીજા લગ્ન માટેની છૂટ આપોઆપ ધર્મને કારણે મળે છે. જેથી પારોતીના મનની વ્યથા સ્પર્ષીય બને છે.

'કાલા જલ' અને 'ઉમરાવજાન અદા'માં મુસ્લિમ ધર્મનો સમાજ જોવા મળે છે. 'ઉમરાવજાન અદા'માં ધર્મની સત્તા સીધી રીતે લાગુ પડતી નથી. 'કાલા જલ'માં મુસ્લિમ સમાજમાં ધર્મને કારણે પ્રવર્તીત બુરખા/પડદા પ્રથા જોવા મળે છે. આ ઉપરાંત, મિર્ઝા કરામતબેગના પાત્ર દ્વારા બહુપત્નીત્વ અને તેના કારણે બિટ્ટી અને બિલાસપુરવાળી વચ્ચેનો સંઘર્ષ રજૂ થયો છે. ધર્મને કારણે અથવા ધર્મને નામે સ્ત્રીઓ પાસેથી ઘણાં બધા અધિકારો છીનવી લેવાયા છે. મુસ્લિમ સમાજમાં પણ પત્નીને છુટ્ટાછેડા આપવાનો કોઈ હક વર્ષોથી ન હતો. બહુપત્નીત્વ અને કાયદાકીય વ્યવસ્થાના અભાવને કારણે તેની પરિસ્થિતી કપરી બનતી હતી. આજના સમયે પણ સ્ત્રીઓને ધર્મને નામે ભોળવવામાં આવે છે. જેથી સંતાન ન થતું હોય તેવી સ્ત્રી બાબાઓનો ભોગ બને છે. જેને કારણે ધર્મ અને ધર્મના આડંબર વચ્ચેનો ભેદ જાણવો આવશ્યક છે. અને તે માટે સ્ત્રી-શિક્ષણ અનિવાર્ય છે.

## ૧૨.૧.૭ આંતરિક/માનસિક સમસ્યાઓ (Internal/ Psychological Problems):

દસ નવલકથાઓમાંથી 'બત્રીસ પૂતળીની વેદના', 'શેષ પ્રશ્ન', 'પ્રથમ પ્રતિશ્રુતિ', 'ઉમરાવજાન અદા', 'યાજ્ઞસેની' અને 'પિંજર' નવલકથાઓમાં સ્ત્રીની આંતરિક કે માનસિક સમસ્યાઓને વાચે અપાઈ છે. 'બત્રીસ પૂતળીની વેદના'માં અનુરાધા, વિભાવરી, રેખા, વિનોદીની અને છાયા જેવા પાત્રો નાટકની ભજવણીની પ્રેક્ટિસની સાથોસાથ પોતાના જીવનમાં ચાલતા પ્રશ્નોનો પણ સમાંતરે વિચાર કરે છે. સાથે સાથે ભાવક પણ તેમાં સંકળાય છે. તેથી જ ચંદ્રકાન્ત ટોપીવાળા આ નવલકથાને 'સહસર્જીકરણનું ક્ષેત્ર'૨ કહે છે. આત્મ-ઓળખ (Self-identity) અને સ્વતંત્રતા (Freedom) માટેનાં વિચારો સતત પાત્રોના આત્મ-સંવાદો કે આંતરચેતના પ્રવાહ (Stream of Consciousness) સ્વરૂપે નવલકથામાં જોવા મળે છે. જેને કારણે આ નવલકથા નારી મનના પ્રશ્નોને વાચા આપવા માટે સમર્થ અને સ્વસ્થ નવલકથા બને છે. 'શેષ પ્રશ્ન'ની કમલ નીલિમાને પણ સ્વતંત્રતા અને આત્મ-ઓળખ વિષે વિચારતી કરી મૂકે તેવી તેની દલીલો છે. આ દલીલો પ્રત્યે પુરુષો શરૂઆતમાં તેનો વિરોધ અને તિરસ્કાર કરે છે,

પણ અંતે તે પણ કમલના વિચારોને સમજવા માટે મજબૂર બને તેટલો સત્યભર્યો સૂર કમલના પાત્રમાં જોવા મળે છે. આ નવલકથા દ્વારા પુરુષોની માનસિકતા બદલવાનો પ્રયાસ છે. 'પ્રથમ પ્રતિશ્રુતિ'ની સત્યવતી તેના પ્રત્યેના બાહ્ય સમાજના તિરસ્કારને અવગણીને દરેક વાતને તર્કના પાયા પર તપાસીને તે પ્રમાણેનું વર્તન કરે છે. જેને કારણે તેનો શોષણ સામેનો પ્રતિકાર વધુ તટસ્થ અને ધારદાર છે. તેના માનસિક સ્તરે ઉદ્‌ભવતા પ્રશ્નોનો જવાબ તે પોતાની વિસ્તૃત સમજ દ્વારા જ ચકાસીને મેળવે છે. આમ, તેનો આંતરિક સંઘર્ષ તેના બાહ્ય સંઘર્ષ કરતાં વધુ અસરદાર બને છે.

'ઉમરાવજાન અદા'ની ઉમરાવ એવા સમાજમાંથી આવે છે, જ્યાં બાહ્ય દેખાવ અને સ્વાંગ જ સર્વસ્વ છે. તેમ છતાં એક વિદુષીની જેમ જ તે પોતાના અને અન્ય વેશ્યાઓના જીવનમાં બનતી ઘટનાને બારીકાઈથી જુએ (Observe) છે. જેને કારણે તે વેશ્યા સમાજમાંથી આવતી હોવા છતાં તેનું માનસ ઊર્ધ્વગતિ પામે છે. જીવન-મરણ, નૈતિક-અનૈતિક, આડંબર-વાસ્તવિકતા જેવા વિરોધાભાસી વિચારોને અંતે તે આંતરિક મનોબળ દ્વારા જ સાચો રસ્તો પસંદ કરે છે. જીવનના ઉત્તરાર્ધમાં તે ફિલસૂફીના પાયે જીવન જીવે છે. 'યાજ્ઞસેની' માં ચિત્રિત દ્રૌપદીનું પાત્ર મહાભારતમાંથી લેવામાં આવ્યું હોવા છતાં, તેમાં માનવીય સંવેદનાઓને વાચા અપાઈ છે. દ્રૌપદી- એક માનવી અને એક સામાન્ય સ્ત્રી તરીકે સતત વિચારે છે. તેની નિર્દોષતા છતાં સહેવા પડેલા અપમાન સામે તે પ્રશ્નો ઉઠાવે છે. અહીં પણ તેનો સંઘર્ષ બાહ્ય કરતાં આંતરિક વધુ છે. 'પિંજર'માં પૂરો અપહરણ બાદની ઘટનાઓમાં આંતરિક સંઘર્ષ અનુભવે છે. સ્ત્રી-શરીર, માતા-પિતા, સમાજ, ધર્મ, સંતાન, રાષ્ટ્ર- આ બધા પ્રત્યે તે વિચાર કરે છે. તેના પાયા પર જ 'પિંજર' નવલકથાનો અંત છે. જો તે માનસિક સંઘર્ષને પરિણામે કોઈ નિર્ણય પર ન વિચારી શકતી હોત તો પાકિસ્તાનમાં પતિ અને સંતાન સાથે રહેવાનો માનવીય નિર્ણય તેને ન લીધો હોત. આ ઉપરાંત, આ નવલકથાઓમાં માનસિક તાણ, હતાશા, ભય, આત્મ-ઓળખ અને અધિકારો વિષેની ગૂંચવણ અને સમસ્યાઓનું નિવારણ પણ દર્શાવાયું છે. તેને કારણે આ નવલકથાઓ સામાજિક સ્તરે સ્પર્શીય બની શકી છે.

## ૧૨.૨ પસંદ કરાયેલી ભારતીય નવલકથાઓમાં નારી છબી સંદર્ભે જોવા મળતી સામ્યતા અને ભેદઃ

પસંદ કરેલી દસ ભારતીય નવલકથાઓમાં સ્ત્રીઓની બાહ્ય અને આંતરિક સમસ્યાઓનો અભ્યાસ કર્યો. હવે, આ સ્ત્રી પાત્રો જુદી જુદી સમસ્યાઓનો સામનો કરવામાં કે તેને સહન કરવામાં કેવી સામ્યતા કે ભેદ જોવા મળે છે-તેનો અભ્યાસ કરવામાં આવશે. જેના દ્વારા લેખક/ લેખિકા દ્વારા નવલકથામાં પ્રયોજાયેલ સ્ત્રી પાત્રો કેવી નારી છબી ધરાવે છે તેનો અભ્યાસ પ્રસ્તુત છે.

પસંદ કરેલી ભારતીય નવલકથાઓમાં મોટા ભાગે બે પ્રકારની નારી છબી જોવા મળે છેઃ ૧. શોષણ સહન કરતી નારી છબી ૨. શોષણ સામે પ્રતિકાર કરતી નારી છબી. આમાંના કેટલાંક સ્ત્રી પાત્રો શોષણ સહન કરીને ત્યાબાદ પ્રતિકાર કરે છે. જ્યારે કેટલાંક સ્ત્રી પાત્રો શરૂઆતથી જ પ્રતિકાર કરે છે. જેમાં નોકરિયાત સ્ત્રી, ગૃહિણી, વિચારશીલ સ્ત્રી, અભણ સ્ત્રી, શિક્ષિત સ્ત્રી, પુત્રી, માતા, પત્ની, વંધ્ય, વિધવા, ત્યક્તા, અભિનેત્રી, વેશ્યા, ઇર્ષ્યાળુ, કુટિલ વગેરે જેવી નારી છબીઓ પ્રાપ્ત થાય છે. સમાન સ્તરની નારી છબીઓમાં પણ પ્રતિક્રિયાના સ્તરે વિભિન્નતા જોવા મળે છે. જેને કારણે તે સમાજ દ્વારા નક્કી કરેલા માળખામાં બંધ બેસે છે કે નહીં- તે પ્રશ્ન મૂળ બને છે. સમાન સ્તરની નારી છબીમાં જોવા મળતા સામ્ય-ભેદનો અભ્યાસ કરીએ.

'સાત પગલાં આકાશમાં'ની વસુધા, 'કાલા જલ'ની છોટી ફૂફી અને બબ્બનની મા, 'મિત્રો મરજાની'ની મિત્રો, 'શેષ પ્રશ્ન'ની કમલ અને નીલિમા, 'પિંજર'ની પૂરો અને 'ધરતી ખોળે પાછો વળે'ની પારોતી, સરસોતી અને નાગવેણી- આ બધા જ સ્ત્રી પાત્રો ગૃહિણી છે. સવારથી સાંજ સુધી ઘર-સંભાળ, પતિની સંભાળ, વડીલોની સંભાળ જેવા કાર્યો કરે છે. તેમ છતાં દરેકની સમસ્યાઓ જુદા પ્રકારની છે. માત્ર, 'સાત પગલાં આકાશમાં' નવલકથામાં વસુધાના પાત્ર દ્વારા ઘરકામ બાબતે નાના-મોટા પ્રશ્નોને વાચા આપવામાં આવી છે. વસુધાનું પાત્ર કમને ઘરનું કામ કરે છે. ઘરના કામ જેવું બિનવિત્તિય (non-financial) કામ આખી જિંદગી કરવા

છતાં સ્ત્રીને તે માટે કોઈ ઓળખ કે સન્માન આપવામાં આવતું નથી એ અહીં પાયાનો પ્રશ્ન છે. આ ઉપરાંત, વર્ષોથી જાતીય ભેદને કારણે થયેલ કાર્યવહેંચણી (Gendered Role)ને કારણે ઘણાં ગૃહિતોએ સમાજમાં સ્થાન મેળવ્યું છે. જેને કારણે સ્ત્રીનું અવમૂલ્યન જોવા મળે છે. રસોઈ, ઘરકામ જેવી બાબતોમાં પુરુષ પણ સહભાગી બને તે નવો દષ્ટિકોણ નારીવાદમાં જોવા મળે છે. તેથી સ્ત્રીને જે પણ કાર્ય કરવું છે તે માટેની છૂટ હોવી- એ સ્ત્રી સ્વતંત્રતાનો પ્રશ્ન બની રહે છે. જેને 'સાત પગલાં આકાશમાં'માં વાચા અપાઈ છે. 'કાલા જલ'ની છોટી ફૂફી અને બબ્બનની મા, 'મિત્રો મરજાની'ની મિત્રો, 'પિંજર'ની પૂરો અને 'ધરતી ખોળે પાછો વળે'ની પારોતી, સરસોતી અને નાગવેણીને આ વિષે કોઈ પ્રશ્ન ઉપજતો નથી. જ્યારે પારોતી, સરસોતી અને નાગવેણી તો પુરુષાર્થને આધારે જ જીવન જીવે છે.

'બત્રીસ પૂતળીની વેદના'માં અનુરાધા લેખિકા છે. તેનો પતિ ઘરમાં સમય આપી ન શકતા તેને પણ પોતાના લેખન કાર્યમાં ઘણો ભોગ આપવો પડે છે. વિભાવરી અભિનેત્રી છે, તેના પ્રત્યેનું દિગ્દર્શક અને સમાજનું વલણ નિમ્ન સ્તરનું છે. દિગ્દર્શક તેને શારીરિક ભોગવવા માંગે છે. તે ન પાડે છે છતાંય સમાજમાં તેના અપલક્ષણો પ્રત્યે વાત થાય છે. અહીં અભિનેત્રી પ્રત્યેના સમાજની નિમ્ન છાપને લેખિકાએ રજૂ કરી છે. છાયા પતિ પરાશર કરતાં વધુ કમાતી હોવાથી પતિ લઘુતાગ્રંથિ અનુભવે છે. 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં પણ સત્યવતી નવકુમાર કરતાં વધુ હોશિયાર હોવાથી પતિ લઘુતાગ્રંથિ ભોગવે છે. જેને કારણે તે શિક્ષણ આપવા પણ પતિથી છૂપાઈને જાય છે. જ્યારે 'યાજ્ઞસેની'માં દ્રૌપદી શાસ્ત્રોની જાણકાર 'વિદુષી' છે, તેને કારણે ભર સભામાં બોલાયેલા શકુનીના શબ્દોમાં પુરુષોનું શિક્ષિત સ્ત્રી પ્રત્યેનું વલણ જોવા મળે છે. આજના સમયે સમાજમાં પણ શિક્ષિત યુવતી પોતાના કરતાં વધુ ભણેલ પાત્રની લગ્ન માટે પસંદગી કરે છે, તેમાં પણ એક કારણ એ છે કે- પુરુષ લગ્ન બાદ લઘુતાગ્રંથિ ન અનુભવે. જે સમાજમાં સ્ત્રીઓને નોકરી કે ધંધો કરવાની છૂટ મળી છે, ત્યાં પણ પુરુષસત્તાક સમાજને કારણે સ્ત્રીઓને શંકા કે પુરુષની લઘુતાગ્રંથિનો ભોગ બનવું પડે છે. તે આ નારી પાત્રોની છબીના અભ્યાસ દ્વારા જાણી શકાય છે.

'બત્રીસ પૂતળીની વેદના'માં વિનોદીની અને 'ધરતી ખોળે પાછો વળે'ની પારોતી નિઃસંતાન છે. વિનોદીનીને મહેણાં સાંભળવા પડે છે અને ધાર્મિક વિધિવિધાનોમાં ભાગ લઈ શકતી નથી, જ્યારે પારોતીને મહેણાં નથી સાંભળવા પડતાં પરંતુ તેને શોક્યનું દુઃખ ભોગવવું પડે છે.

'સાત પગલાં આકાશમાં' વસુધાના પતિને લગ્ન બાદ કોઈ સ્ત્રી સાથે સંબંધ છે, જે તેમના લગ્ન વિચ્છેદનું કારણ બને છે. 'બત્રીસ પૂતળીની વેદના'માં પણ મયંકને ગીતા સાથે સંબંધ હોવાથી તે વિભાવરીને ત્યાગવાનો નિર્ણય કરે છે. 'કાલા જલ' માં રજ્જૂમિયાં, બબ્બનના પિતા બંનેને લગ્ન બહાર સંબંધ છે. 'શેષ પ્રશ્ન'માં શિવનાથ કમલને ત્યાગીને મનોરમા સાથે લગ્ન કરે છે. 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં નિતાઈ જે પોતાની પત્નીને ગામડે છોડીને આવ્યો છે, તેને કલકત્તામાં અનૈતિક સંબંધ છે. 'ધરતી ખોળે પાછો વળે'માં લચ્ચાને જલજા તેમજ અન્ય સ્ત્રીઓ સાથે સંબંધ છે, જેને કારણે નાગવેણીને પત્ની હોવા છતાં તે મળવા પણ નથી જતો. આમ, છ નવલકથાઓમાં લગ્ન બાદ પુરુષ અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવે છે, તેના ઉદાહરણ જોવા મળે છે. જેમાંથી વ્યોમેશ, મયંક, શિવનાથ જેવા પુરુષ પાત્રો પત્નીનો ત્યાગ કરે છે, જ્યારે રજ્જૂમિયાં, બબ્બનના પિતા અને લચ્ચા પત્નીને છૂટ્ટાછેડા આપતા નથી કે ત્યાગતા નથી. વસુધા ગૃહત્યાગ કરે છે, બબ્બનની મા કે બિટ્ટી અન્ય સ્ત્રીઓને દોષ દઈ પતિને પાલવે છે. કમલ શિવનાથને મનોમન માફ કરતી આગળ વધતી સ્ત્રી છે, જ્યારે નાગવેણી પતિના રોગનો ભોગ બનવા છતાં તેના નામે બધી સંપત્તિ કરી દે છે. આમ, દરેક પાત્રોની પ્રતિક્રિયા અલગ છે. કોઈ પોતાના નસીબને દોષ દે છે, કોઈ પતિને, કોઈ પતિ જેની સાથે અનૈતિક સંબંધ ધરાવે છે તે સ્ત્રીને, તો કોઈ બધુ માફ કરી આગળ વધે છે.

'પ્રથમ પ્રતિશ્રુતિ'માં શારદાને, 'ધરતી ખોળે પાછો વળે'માં પારોતીને, 'યાજ્ઞસેની'માં દ્રૌપદીને અને 'કાલા જલ'માં બિટ્ટીને પતિ લગ્ન બાદ બીજા લગ્ન કરતાં શોક્ય છે. પારોતીને મનદુખ છે, પણ સંતાન પ્રેમને કારણે તે બધુ ભૂલી જાય છે. શારદા અને બિટ્ટી શોક્ય પર શાસન કરીને પતિ પાસે જવા પણ નથી દેતી. દ્રૌપદીને શોક્ય વિષે કૃષ્ણ દ્વારા તેના પાછળનું

મહાન 'ધર્મ-યુદ્ધ'નું કારણ બતાવી ઉદારતા દાખવવાનું કહેવામાં આવે છે. આમ, અહીં પણ સ્ત્રી-પાત્રોની પ્રતિક્રિયા અલગ છે. હિન્દુ ધર્મ લગ્નના નવા કાયદા પ્રમાણે બહુપત્નીત્વ કાયદેસર ન હોવાને કારણે શોક્યનું દુખ સ્ત્રીઓને નથી ભોગવવું પડતું, પરંતુ પુરુષોના આડ સંબંધોનું દુખ હજુ પણ સમસ્યાને કારણે ઝેલવું પડે છે. આમ, 'શરતી ખોળે પાછો વળે'થી 'બત્રીસ પૂતળીની વેદના' તરફ આવતા તેમાં સમયે પરીવર્તન જોવા મળે છે.

'સાત પગલાં આકાશમાં' જોવા મળતી વિધવા ફૈબા અને 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં જોવા મળતી મોક્ષદાનું વલણ ઘણી સામ્યતા ધરાવે છે. તે બંને આખા ઘર પર શાસન કરીને સ્ત્રીઓનું જ શોષણ કરે છે. 'પ્રથમ પ્રતિશ્રુતિ'ની એલોકેશી પણ તેનું શાસન છોડતી નથી. તેમણે આજીવન સત્તા ભોગવવી છે. તેઓના માનસ પુરુષસત્તાક સમાજથી પ્રભાવિત થયેલા છે. જ્યારે, 'બત્રીસ પૂતળીની વેદના'માં આવતી બડી અમ્મા, 'કાલા જલ'ની છોટી ફૂફી, 'શેષ પ્રશ્ન'ની નીલિમા અને 'ધરતી ખોળે પાછો વળે'ની સરસોતી એ માનવીય શ્રદ્ધા ધરાવતા પાત્રો છે. સ્ત્રીઓની સમસ્યાઓને તે સારી રીતે સમજે છે, જેને કારણે નવલકથામાંની અન્ય સ્ત્રીઓને પણ તે મદદ કરે છે. નીલિમા અને સરસોતી જેવા પાત્રો તો પોતાનું વૈધવ્યનું દુખ અન્યની સેવામાં જ ભૂલવાનો પ્રયત્ન કરે છે. તેમનામાં માનવીય ઉદારતા, મહાનતા અને દિવ્યતાના ગુણો જોવા મળે છે.

'સાત પગલાં આકાશમાં' વસુધાનો અને 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં સત્યવતીનો અંતે ગૃહત્યાગ પણ જુદો છે. તેના પાછળના કારણો અલગ છે. તેમાં બંને પાત્રોને સમસ્યાનો અંત જણાય છે. જ્યારે 'બત્રીસ પૂતળીની વેદના'માં સાહચર્યતરફી અંત છે. 'મિત્રો મરજાની', 'ધરતી ખોળે પાછો વળે', 'શેષ પ્રશ્ન', 'પિંજર'માં માનવીય શ્રદ્ધા તરફી આશાસ્પદ અંત છે. જ્યારે 'કાલા જલ'માં નિરાશાવાદી અંત છે. 'યાજ્ઞસેની' માં સ્વથી અનંતતા તરફનું મહાપ્રયાણ છે.

'સાત પગલાં આકાશમાં'ની ફૈબા, 'કાલા જલ'ની બિટ્ટી, 'મિત્રો મરજાની'ની ફૂલાંવતી, 'પ્રથમ પ્રતિશ્રુતિ'ની એલોકેશી જેવા પાત્રો કુટિલ પાત્રો તરીકે નવલકથામાં જોવા મળે છે. આ પાત્રો સ્ત્રી હોવા છતાં પુરુષસત્તાક માનસ (Patriarchal Mind) ધરાવતા હોવાથી સ્ત્રી પાત્રોની

ઈર્ષ્યા કરે છે, તેમની પર બંધન લાદીને સત્તા ભોગવે છે અને આજીવન શાસન કરવાની વૃત્તિ ધરાવે છે. જેને કારણે તેઓ સ્ત્રી-પાત્રોની સમસ્યામાં વધારો કરે છે. આનાથી બિલકુલ વિરુદ્ધ 'બત્રીસ પૂતળીની વેદના'માં એના-જયાબહેન સાસુ-વહુ, 'કાલા જલ'માં છોટી ફૂફી અને બબ્બનની મા નણંદ-ભોજાઈ, 'મિત્રો મરજાની'માં મિત્રો-સુહાગવંતી દેરાણી-જેઠાણી, 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં સૌદામિની અને સત્યવતી નણંદ-ભોજાઈ, 'પિંજર'માં પૂરો અને લાજો અને 'ધરતી ખોળે પાછો વળે'માં સરસોતી અને પારોતી નણંદ-ભોજાઈનો સંબંધ ધરાવે છે. તેમ છતાં, ભારતીય સમાજમાં જોવા મળતા ઇર્ષ્યાળુ સંબંધથી દૂર એવા આ પાત્રો એક બીજાને સહાયક બને છે. તેઓમાં સખીપણું (Sisterhood) જોવા મળે છે.

'મિત્રો મરજાની'માં મિત્રો અને 'કાલા જલ'માં જાહીરાભાભી અલગ પાત્રો છે. જાહીરાભાભી તેમની શારીરિક તૃપ્તિ દિયર સાથે સંબંધ બાંધી પૂરી કરે છે. જ્યારે મિત્રો તેની શારીરિક તૃપ્તિ માટે વારંવાર પતિને કહે છે. તે પોતાની ઈચ્છા વડીલો સમક્ષ મૂકવામાં પણ અચકાતી નથી. આમ, મિત્રો અને જાહીરાભાભી 'sexual freedom' માટે તલસતા પાત્રો છે. 'ઉમરાવજાન અદા'ની ઉમરાવ અલગ પરિવેશમાંથી આવે છે. તેનો ધંધો જ વ્યભિચારનો છે, તે તેના અભિશપ્ત જીવનને પુરુષાર્થ દ્વારા જીવે છે. તેમાં તેના માનવીય ગુણોની ભવ્યતા છે.

'ઉમરાવજાન અદા' અને 'કાલા જલ'માં મુસ્લિમ સમાજ હોવા છતાં પરિવેશ જુદો છે. ઉમરાવજાન અને તેના જેવી અન્ય વારાંગનાઓને ઉર્દુ-પર્શિયનનું શિક્ષણ આપવામાં આવે છે. જ્યારે 'કાલા જલ'માં કન્યાને શિક્ષણ નથી આપવામાં આવતું. ઉમરાવજાનનો સમાજ વધુ મોકળાશ ધરાવે છે. ત્યાં વ્યભિચાર જ ધંધો હોવાથી સ્ત્રી-પુરુષ સંબંધો અનૈતિક છે. જ્યારે બસ્તરનું જીવન એકધાર્યું, સંકુચિત અને બંધિયાર હોવા છતાં તેમાં પણ અનૈતિક સંબંધોની ભરમાર છે. 'સાત પગલાં આકાશમાં' અને 'બત્રીસ પૂતળીની વેદના'માં શહેરી જીવન જીવતી ગુજરાત તેમજ ભારતની સ્ત્રીઓની સમસ્યા છે. 'મિત્રો મરજાની', 'કાલા જલ', 'પિંજર' અને 'ધરતી ખોળે પાછો વળે'માં ગ્રામ્ય પરિવેશમાં જીવતી સ્ત્રીઓની સમસ્યા છે. 'ધરતી ખોળે પાછો વળે'માં દક્ષિણ કન્નડ સમાજનો પરિવેશ હોવા છતાં તે સમસ્યાઓ ભારતીય સ્ત્રીની સમસ્યાને

વાચા આપતી બને છે. જ્યારે 'પિંજર' જેવી નવલકથા વિભાજન સમયનું ચિત્ર દર્શાવે છે. 'યાજ્ઞસેની'માં પૌરાણિક છબીને આધુનિક દષ્ટિકોણથી ચિત્રિત કરતાં ભારતની સ્ત્રીઓની છબી પર સમગ્રતયા ધર્મની કેવી છાપ પડી છે તે જોવા મળે છે. 'શેષ પ્રશ્ન' અને 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં બંગાળી સમાજનો પરિવેશ છે. 'શેષ પ્રશ્ન'માં સમસ્યાઓ વધુ આંતરિક અને માનવમૂલ્યો તરફી પ્રશ્નોને વાચા આપે છે. જ્યારે 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં બંગાળના ગામ તથા કલકત્તાની શહેરી સંસ્કૃતિમાં જે પરીવર્તન હતું, તેનું સ્પષ્ટ દૃશ્ય જોવા મળે છે.

## ૧૨.૩ ઉપસંહારઃ

આમ, પસંદ કરાયેલ નવલકથાઓમાં એકજ સ્તરના નારી પાત્રોની પ્રતિક્રિયાઓમાં અને વલણમાં સામ્યતા તેમજ ભિન્નતા જોવા મળે છે. સમય પ્રમાણે નવલકથાઓ અને ભારતીય સાહિત્યના અભ્યાસ પરથી કહી શકાય કે, બહુપત્નીત્વ, બાળલગ્ન, કજોડાં લગ્ન, દૂધપીતી કરવાનો રિવાજ જેવી સમસ્યાઓ લગભગ બંધ થતાં ખાસું પરીવર્તન આવ્યું છે. સ્ત્રીઓના સ્થાનમાં અને ખાસ કરીને વિધવા, ત્યક્તા કે સંતાનવિહોણી સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન જોવા મળે છે. વિધવા પુનર્લગ્ન, છૂટ્ટાછેડાની કાયદાકીય વ્યવસ્થા અને વૈજ્ઞાનિક શોધોને કારણે આ સંદર્ભે સ્ત્રીની વ્યથામાં ઘટાડો જોવા મળે છે. શૈક્ષણિક અને નોકરી કરવાની સ્વતંત્રતા મળવાને કારણે સ્ત્રીની અસ્મિતા પ્રાપ્તિમાં પણ પરીવર્તન જોવા મળે છે. નવલકથા સ્વરૂપમાં જુદી જુદી ભાષાઓમાં પહેરવેશ, ખાણી-પીણી, રીતિ-રિવાજો, ઉત્સવોની પણ ભિન્નતા જોતાં સામાજિક ભેદનો ખ્યાલ આવે છે. જે સ્ત્રીની પરિસ્થિતીનો નિર્ણય કરવામાં સહાયક અને પૂરક બની રહે છે.

નવલકથા સ્વરૂપે જુદી-જુદી ભાષાઓમાં સ્ત્રીની નવી સમસ્યાઓ અને સમાજની વિકૃતતાને સ્થાન મળે, તે વિષે પણ વિચારો રજૂ થાય તો હજુ પણ સ્ત્રી-પુરુષ સામ્યતા અને સાહચર્યમાં ઘણાં પરીવર્તનનો અવકાશ બાકી છે. સાહિત્યના માધ્યમ દ્વારા એસિડ અટેક, બળાત્કાર, મેરિટલ રેપ, સ્ટેરિંગ, છેડતી, પોર્નોગ્રાફી, સ્ત્રીઓને ઉદ્દેશીને અપાતી ગાળ/અપશબ્દો, ઇવ ટીઝિંગ, વિડિયોગ્રાફી, ભ્રૂણ હત્યા, લેસ્બિયનીઝમ જેવા પ્રશ્નોને નવલકથામાં સ્થાન મળે તો

પરીવર્તન આણી શકાય છે. સોશિયલ મીડિયા અને અન્ય સમૂહ માધ્યમોમાં પણ સ્ત્રીની છબી જે રીતે ચિત્રિત કરાય છે, તેની સામે પ્રખર પ્રતિરોધના સૂરની આવશ્યકતા છે.

## ૧૨.૪ સંદર્ભઃ

૧. બત્રીસ પૂતળીની વેદના, ઇલા આરબ મહેતા; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; બીજી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૨૦૧૨; પૃ.૧૬૨

૨. ગુજરાતી નવલકથાના માનકનો વિસ્તાર, ચંદ્રકાન્ત ટોપીવાળા; પ્રત્યક્ષ ઑક્ટો-ડિસે.૨૦૦૫માંથી લેવાયેલ થોડા અંશો; બત્રીસ પૂતળીની વેદના, ઇલા આરબ મહેતા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, બીજી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૧૯૯૨, પૃ. ૧૮૦